For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



આજથી આદ્યાશક્તિની આરાધનાનો પ્રારંભ

ગલી-મહોલ્લામાં માતાજીની સ્થાપના કરી આરાધનાની પરંપરા જીવંત રાખતા સુરતીઓ

ફોટોફ્રેમથી મૂર્તિ સ્થાપના સુધી બદલાયો સમયનો પ્રવાહ

સુરત: સુરતીઓની ઉત્સવપ્રિયતા અને માતાજી પ્રત્યેની અતૂટ શ્રદ્ધાનો અનોખો માહોલ આજે શહેરની ગલી-મહોલ્લાઓમાં જોવા મળશે. નવરાત્રીના પાવન પર્વ નિમિત્તે સુરતી લાલાઓ અંબે માતાની આરાધના સાથે ગરબાની રમઝટ બોલાવશે. શહેરના વિવિધ વિસ્તારોમાં સ્થાનિક રહીશો દ્વારા માતાજીની પૂજા-અર્ચના અને ગરબાનું આયોજન કરવામાં આવશે. પરંપરાગત પહેરવેશમાં સજ્જ થઈને મોટી સંખ્યામાં લોકો માતાજીની ભક્તિમાં લીન બની ગરબે ઘૂમશે. સુરતની નવરાત્રીની વિશેષતા એ છે કે અહીં માતાજીની આરાધના માત્ર મોટા ગરબા મેદાનો પૂરતી સીમિત નથી, પરંતુ ગલી-મહોલ્લાઓમાં

...અનુસંધાન પાના ૭ પર

નવરાત્રિ શરૂ થતાં જ ગલગોટાના ભાવ 120 રૂપિયા થઇ ગયા

સુરત : નવરાત્રીમાં જેની સૌથી વધુ માંગ રહે છે ગલગોટાનો ભાવ વધી ગયો છે અને 120 રૂપિયા પ્રતિ કિલો પર પહોંચી ગયો છે. હાલ ફૂલ બજારમાં ભાવની સ્થિતિ પર નજર કરીએ તો ગલગોટાનો જથ્થો અન્ય કેટલીક જાતોની સરખામણીએ ઉપલબ્ધ હોવાથી તેના ભાવ પ્રમાણમાં ઓછા છે. હોલસેલ બજારમાં ગલગોટા પ્રતિ કિલો રૂ.50થી રૂ.70ના ભાવે મળી રહ્યા છે, જ્યારે છૂટક બજારમાં તેના ભાવ રૂ.100થી રૂ.120 સુધી પહોંચ્યા છે. બીજી તરફ, લીલી અને સેવંતી જેવા ફૂલોની કિંમત પ્રતિ કિલો રૂ.250થી રૂ.300 થઈ છે. પારસના ફૂલોના ભાવમાં વધુ તેજી જોવા મળી રહી છે અને તે પ્રતિ કિલો રૂ.600થી રૂ.800 સુધીના ભાવે વેચાઈ રહ્યા છે.વેપારીઓના જણાવ્યા મુજબ, તહેવારોની મોસમ દરમિયાન ફૂલ બજારમાં પ્રતિદિન અંદાજે 70થી 80 ટન જેટલો માલ ઠલવાય છે. આટલી મોટી આવક હોવા છતાં ચોક્કસ જાતના ફૂલોની અછતને કારણે ભાવ ઊંચા રહ્યા છે. નવરાત્રિના પાવન પર્વે પૂજા-અર્ચના, માતાજીના શણગાર અને ગરબાના આયોજનને પગલે સુરતના ફૂલ બજારમાં માગમાં જોરદાર વધારો થયો છે. જોકે, ચોમાસાના અંતિમ તબક્કામાં વરસાદ ખેંચાતાં ફૂલોના ઉત્પાદન અને આવક પર વિપરીત અસર પડી છે. પરિણામે માગની સામે પૂરતો જથ્થો ઉપલબ્ધ ન હોવાથી ફૂલોના ભાવમાં તેજી જોવા મળી રહી છે. ખાસ કરીને

...અનુસંધાન પાના ૭ પર



સુરતમાં ગરબાના મેદાનમાં ચાર પગવાળા ખેલૈયાઓની ધમાકેદાર એન્ટ્રી!

સુરત: સુરતની નવરાત્રિમાં અત્યાર સુધી માનવ ખેલૈયાઓની રમઝટ જોઈ હશે, પરંતુ આ વખતે ગરબાના રંગમંચ પર ચાર પગવાળા ખેલૈયાઓએ પણ જાણે મેદાન મારી લીધું! વેસુમાં પાલતુ શ્વાનોની વિશેષ ગરબા રાત્રિમાં શ્વાનપ્રેમીઓ પોતાના લાડકા શ્વાનો સાથે પહોંચ્યા હતા. કેડિયાં, ચણિયાચોળી અને રંગબેરંગી પરંપરાગત પોશાકમાં સજ્જ શ્વાનોને જોઈને ઉપસ્થિત લોકોનું ધ્યાન તેમના તરફ ખેંચાયું હતું .આયોજનમાં શ્વાનોનો પરંપરાગત શણગાર મુખ્ય આકર્ષણ રહ્યો હતો. ગોલ્ડન રીટ્રીવર, લેબ્રાડોર, શિહ ત્સુ અને પગ જેવી વિવિધ જાતિના શ્વાનોને રંગબેરંગી પોશાક અને ઉત્સવી સજાવટથી તૈયાર કરવામાં આવ્યા હતા. કોઈ કેડિયા માં તો કોઈ ચણિયાચોળીમાં સજ્જ થઈને પોતાના માલિક સાથે ગરબાના માહોલમાં જોવા મળ્યું હતું. પાલતુ પ્રાણીઓ પ્રત્યેનો પ્રેમ અને નવરાત્રિનો ઉત્સાહ અહીં એકસાથે જોવા મળ્યા હતા.સામાન્ય રીતે નવરાત્રિમાં ગરબા મેદાનોમાં માનવ ખેલૈયાઓની જમાવટ જોવા મળે છે, પરંતુ અહીં પાલતુ પ્રાણીઓને પરિવારના સભ્યની જેમ ઉત્સવમાં સામેલ કરવાની ભાવના સાથે યોજાયેલા આ કાર્યક્રમના વીડિયો સામાજિક માધ્યમો પર ચર્ચામાં આવ્યા છે. આમ, સુરતની નવરાત્રિમાં આ વખતે ગરબાના તાલ સાથે ચાર પગવાળા ખેલૈયાઓના અનોખા અંદાજે પણ આકર્ષણ જમાવ્યું છે.

કરોડોના બિટકોઇન કૌભાંડમાં દિવ્યેશ દરજીની ધરપકડ કરતું ઇડી

સુરતની સ્પેશિયલ ઇડી કોર્ટે દિવ્યેશ દરજીના 14 ઓક્ટોબર સુધી રિમાન્ડ મંજૂર કર્યા

રૂ. 69.61 કરોડથી વધુની રકમના ઉલ્લેખવાળા કેસમાં ક્રિપ્ટો વોલેટ્સ અને નાણાંના લાભાર્થીઓની કડીઓ શોધવા EDની કસ્ટોડિયલ પૂછપરછ

ક્રિપ્ટો વોલેટ્સથી નાણાંના લાભાર્થીઓ સુધીની કડીઓ તપાસાશે

આ કેસમાં તપાસનો મુખ્ય હેતુ આરોપી અને તેના પરિવારના સભ્યો સાથે જોડાયેલા વિવિધ બિટકોઇન વોલેટ્સ, તેમની વચ્ચે થયેલા ડિજિટલ નાણાકીય વ્યવહારો, ભંડોળના વાસ્તવિક લાભાર્થીઓ તથા સંબંધિત એકાઉન્ટ્સના નિયંત્રણ અને સંચાલન અંગે વિગતો મેળવવાનો છે. કોર્ટના આદેશમાં અગાઉના અનુસૂચિત ગુનાના સંદર્ભમાં આશરે રૂ. 69,61,02,735ની રકમનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તપાસ એજન્સી દ્વારા આક્ષેપિત નાણાકીય વ્યવહારોની કડીઓ શોધવા અને કથિત ગુનાની આવક ક્યાંથી આવી, કયા માર્ગે ટ્રાન્સફર થઈ તથા તેનો અંતિમ લાભ કોને મળ્યો તે અંગે વધુ તપાસ કરવાની જરૂરિયાત રજૂ કરવામાં આવી હતી. ક્રિપ્ટોકરન્સીના વ્યવહારો ડિજિટલ વોલેટ્સ અને અલગ-અલગ એકાઉન્ટ્સ મારફતે થતા હોવાથી નાણાંના પ્રવાહને સમજવા તથા સંબંધિત વ્યક્તિઓની ભૂમિકા સ્પષ્ટ કરવા આરોપીની વ્યક્તિગત પૂછપરછ જરૂરી હોવાની દલીલ ED દ્વારા કરવામાં આવી હતી.

સુરત: બિટકોઇન ક્રિપ્ટોકરન્સીમાં રોકાણ યોજનાના નામે લોકો પાસેથી નાણાં એકત્રિત કરવાના અને કથિત ગુનાની આવકના વ્યવહારોના આક્ષેપો સંદર્ભે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ દિવ્યેશ ઘનસુખલાલ દરજી ઉર્ફે દિવ્યેશ ઘનસુખલાલ નાગરની ધરપકડ કર્યા બાદ સુરતની વિશેષ અદાલતે તેની કસ્ટોડિયલ પૂછપરછ માટેના રિમાન્ડ મંજૂર કર્યા છે. વિશેષ ન્યાયાધીશ રાહુલ અરુણકુમાર ત્રિવેદીએ 10 ઓક્ટોબર, 2026ના રોજ આપેલા આદેશ મુજબ

...અનુસંધાન પાના ૭ પર

ડભોલી રોડના નિવૃત્ત વૃદ્ધ સાથે રૂ. ૩.૫૧ કરોડની છેતરપિંડી

ફોરેસ્ટ ફંડમાં ફસાયેલ ૨૨૦૦ કરોડ છોડાવવાના રૂપિયા માટે સારા વળતરની લાલચ આપી હતી

નિવૃત્ત વૃદ્ધે જમીન ઉપરાંત પત્ની, પુત્ર અને પુત્રવધૂના દાગીના વેચી રૂપિયા આપ્યા હતા

રૂપિયા પરત કરવાને બદલે સાયબર ક્રાઇમમાં ફરિયાદ કરી હશે તો મારી નાંખવાની ધમકી આપી

સુરત: સરકારી ફંડ અને મોટી કમાણીની લાલચ આપી ભોળા નાગરિકોને જાળમાં ફસાવતી ગઠિયા ટોળકીનો વધુ એક ચોંકાવનારો કિસ્સો સુરત શહેરમાંથી પ્રકાશમાં આવ્યો છે. ડભોલી રોડ ખાતે રહેતા અને નિવૃત્ત જીવન ગાળતા ૭૦ વર્ષીય વૃદ્ધ પાસે રૂ. ૨૨૦૦ કરોડનું 'ફોરેસ્ટ રિઝર્વ ફંડ' છોડાવવાના બહાને વર્ષ ૨૦૦૭થી ૨૦૨૬ સુધીના લાંબા સમયગાળા દરમિયાન કટકે-કટકે કુલ રૂ. ૩,૫૧,૨૨,૧૦૦ પડાવી લઈ ઠગાઈ આચરવામાં આવી હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

ડભોલી રોડ ગાયત્રી મંદિર સામે આવેલ માધવ કોમ્પ્લેક્સમાં રહેતા પરસોત્તમભાઈ પોપટભાઈ ગોળકિયા (ઉ.વ.૭૦) નિવૃત્ત જીવન જીવે છે. વર્ષ ૨૦૦૭માં તેમના વતન અડતાળા (બોટાદ) ખાતે મિત્રના ઘરે તેમની મુલાકાત ભરતભાઈ બાલુભાઈ શેલડિયા અને અશોકભાઈ રાવળ સાથે થઈ હતી. આરોપીઓએ પરસોત્તમભાઈને વિશ્વાસમાં લઈ જણાવ્યું હતું કે, ભરત શેલડીયાનું મોટું સરકારી કામ છે અને તેમના રૂ. ૨૨૦૦ કરોડ ફોરેસ્ટ રિઝર્વ ફંડમાં રોકાયેલા છે. આ નાણાં છોડાવવાની પ્રોસિજર માટે નાણાંની જરૂર છે અને જો તેઓ મદદ કરશે તો મોટું વળતર તેમજ ભાગ આપશે. આરોપીઓએ અશોક ચક્રના ચિહ્ન અને અંગ્રેજી લખાણ વાળા બનાવટી કાગળો બતાવી વૃદ્ધનો ભરોસો જીતી લીધો હતો. આરોપીઓની લોભામણી વાતોમાં આવી જઈ પરસોત્તમભાઈએ સને ૨૦૦૭ થી જાન્યુઆરી ૨૦૨૨ સુધી પોતાની ખેતીની જમીન વેચીને તેમજ પત્ની, દીકરા અને પુત્રવધૂના દાગીના વેચીને આરટીજીએસ, ફોન-પે અને રોકડા મળી રૂ. ૨,૯૫,૦૦,૦૦૦ ચૂકવી દીધા હતા. ત્યારબાદ તા. ૨૪/૧૨/૨૦૨૨ થી તા. ૦૪/૦૩/૨૦૨૬ દરમિયાન બેંક

...અનુસંધાન પાના ૭ પર

સુરતમાં 17 વર્ષના CAના વિદ્યાર્થીનો આપઘાત

પિતાના નિધન બાદ ગોડાદરાના પરિવારે દીકરો પણ ગુમાવ્યો

સુરત : સુરતના ગોડાદરા વિસ્તારમાંથી એક કરુણ ઘટના સામે આવી છે. મહાદેવનગર, પાવર હાઉસ પાસે રહેતા 17 વર્ષીય અક્ષય વિક્રમ મોરેએ આપઘાત કરી લેતા પરિવારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. CAનો અભ્યાસ કરતા અક્ષયના મોતથી પરિવારની આશાઓ પર પાણી ફરી વળ્યું છે. વર્ષ 2009માં પતિને ગુમાવનાર માતાએ હવે યુવાન પુત્રને પણ ગુમાવતાં પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે.

મળતી માહિતી મુજબ, ઘટનાના દિવસે અક્ષયનો મોટો ભાઈ નોકરી પર ગયો હતો, જ્યારે તેની માતા શાકભાજી લેવા માટે ઘરની બહાર ગયાં હતાં. આ દરમિયાન અક્ષય ઘરે એકલો હતો. માતા સવારે આશરે સાડા નવ વાગ્યે ઘરે પરત ફર્યાં ત્યારે પુત્રને બેભાન હાલતમાં જોઈ ચોંકી ઊઠ્યાં હતાં. ત્યારબાદ અક્ષયને તાત્કાલિક સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ લઈ જવામાં આવ્યો

...અનુસંધાન પાના ૭ પર

પિતાના નિધન બાદ પરિવાર પર ફરી દુઃખનો પહાડ

અક્ષયના પિતાનું વર્ષ 2009માં અવસાન થયું હતું. ત્યારથી માતા અને બંને પુત્રો સાથે રહેતા હતા. મોટો ભાઈ હીરા ઘસીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. હવે અક્ષયના અણધાર્યા મોતથી પરિવારનો સહારો અને ભવિષ્યની આશા છીનવાઈ ગઈ છે.

મિત્રને વોટ્સએપ મેસેજ કર્યો

અક્ષયે પોતાના મિત્રને વોટ્સએપ પર '12 પાસ પછી શું નોકરી કરાય?'તેવો મેસેજ પણ કર્યો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. અભ્યાસની સાથે નોકરી શોધવાની મથામણ અને ટેન્શનમાં આવીને તેણે આ અંતિમ પગલું ભરી લીધું હોવાની શક્યતા છે.

ઉધનાના 8 સ્ક્રેપ વેપારી પર SGSTના દરોડા

સુરત SGSTની અન્વેષણ ટીમની મોટી કાર્યવાહી

અમદાવાદ અને રાજકોટની ટીમો તપાસમાં જોડાઈ

મોટાપાયે કરચોરી બહાર આવવાની પ્રબળ સંભાવના

ઉધના રોડ નં.૬નો ભંગારિયો બીજીવાર વરૂણીમાં

સુરતઃ ગુજરાતમાં કરચોરી અને બોગસ બિલિંગના નેટવર્ક સામે રાજ્યના સ્ટેટ જીએસટી (SGST) વિભાગે સકંજો વધુ મજબૂત બનાવ્યો છે. આ કડીમાં સુરત SGSTની અન્વેષણ શાખા દ્વારા શહેરના ઉધના અને ઉન વિસ્તારમાં એક મેગા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

આ કાર્યવાહી દરમિયાન મુખ્યત્વે આર્યન સ્ટીલના સ્ક્રેપ (ભંગાર) નો વેપાર કરતા અંદાજે 8 જેટલા મોટા વેપારીઓનાં ધંધાકીય સ્થળો, ગોડાઉનો અને ઓફિસો પર દરોડા પાડવામાં આવ્યા છે. ઉધના રોડ નં.6ના જલારામ ભંગારવાળાના ત્યાં પણ તપાસ ચાલતી હોવાની સૂત્રો પાસેથી માહિતી મળી છે. જલારામ ભંગારીયા બીજીવાર વરૂણીમાં આવ્યો હોવાની વિગતો સાંપડી છે. આ સિવાય પણ અનેક ભંગારીયા વિભાગના સકંજામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં આ વેપારીઓ દ્વારા મોટાપાયે બોગસ બિલિંગ પ્રવૃત્તિ આચરવામાં આવતી હોવાની અને સરકારને કરોડો રૂપિયાનો ચૂનો ચોપડવામાં આવતો હોવાની પ્રબળ શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ દરોડાની કાર્યવાહીને અત્યંત ગુપ્ત અને પદ્ધતિસર અંજામ આપવામાં આવ્યો છે. તપાસનો વ્યાપ અને ઊંડાણ વધારવા માટે માત્ર સુરત જ નહીં, પરંતુ અમદાવાદ અને રાજકોટથી પણ સ્ટેટ જીએસટીના નિષ્ણાત અધિકારીઓની વિશેષ ટીમોને બોલાવવામાં આવી છે. આ સમગ્ર ઓપરેશનમાં 8થી વધુ ટીમો જોતરાઈ છે, જે સંયુક્ત રીતે ધંધાકીય દસ્તાવેજો, ડિજિટલ પુરાવાઓ, લેવડદેવડના હિસાબો, બેંક ખાતાં અને માલની ખરીદ-વેચાણની એન્ટ્રીઓની ઝીણવટભરી તપાસ કરી રહી છે.

પ્રારંભિક અહેવાલો મુજબ આ સ્ક્રેપ ટ્રેડર્સ દ્વારા વાસ્તવિક માલની ભૌતિક હેરફેર કર્યા વગર માત્ર કાગળ પર જ મોટાં બિલ બનાવી કરોડો રૂપિયાની ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) ખોટી રીતે પાસઓન કરવામાં આવતી હતી. આ બોગસ નેટવર્ક પાછળ કોઈ મોટા રેકેટની સંડોવણી હોવાની પણ આશંકા છે. જીએસટી અધિકારીઓ દ્વારા પેઢીઓના તમામ દસ્તાવેજોની ચકાસણી યુદ્ધના ધોરણે ચાલી રહી

...અનુસંધાન પાના ૭ પર

વાલિયામાં મધરાત્રે ભૂકંપ, રિક્ટર સ્કેલ પર 3.1 તીવ્રતા

સામાન્ય આંચકા હોવાથી કોઈ અસર થઈ નથી



ભરૂચ: વાલિયાના કોસમડી-સોડગામ અને રાજગઢ વચ્ચે મધરાત્રે સામાન્ય ભૂકંપ આવ્યો છે. ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજિકલ રિસર્ચ (ISR) ના રિપોર્ટ અનુસાર તા.10-10-2026ના રોજ મધરાત્રે 2:07:56 કલાકે આંચકા નોંધાયા હતા, જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર 3.1 હતી.

મધરાત્રે નાગરિકો ઘસઘસાટ ઊંઘમાં હોવાથી સામાન્ય ભૂકંપની કોઈ અસર થઈ ન હતી, જેથી લોકોએ રાહત અનુભવી હતી. આ બાબતે વાલિયાના મામલતદાર કામદારે ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું કે, આ તદ્દન સામાન્ય આંચકા હતા અને કોઈ અસર થઈ નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, ભરૂચ જિલ્લો

...અનુસંધાન પાના ૭ પર

અવસાન/શ્રદ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર











